# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GNR BLOOD DONATION CAMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસને લઈ રાજ્યના તમામ કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યમાં 300થી વધુ જગ્યાએ એક દિવસની મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગરમાં જૂના સચિવાલય ખાતેથી આ રાજ્યવ્યાપી શિબિરનો પ્રારંભ કરાવ્યો. રક્તદાન માટે એક લાખ 27 હજારથી વધુ લોકોએ નોંધણી કરાવી છે.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

. . .

# CM PATEL MESSAGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અંગે સોશિયલ મીડિયા પર એક સંદેશ જાહેર કર્યો છે , જેમાં તેમણે કહ્યું, પ્રધાનમંત્રીના જન્મદિવસે 'સેવા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે આજે રાજ્યભરમાં "નમો કે નામ રક્તદાન" મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . .

# MEDASVITA MUKT GUJARAT

મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કાર્યરત યોગ શિબિરનો 5 લાખથી વધુ લોકોએ લાભ લીધો છે. બોર્ડના અધ્યક્ષ યોગ સેવક શ્રી શીશપાલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી મોદીના જન્મદિન નિમિતે આવતીકાલ થી 30 ડિસેમ્બર સુધી મેદસ્વિતા મુક્તિ અભિયાન યોજાશે.

આ શિબિરમાં રાજ્યના નાગરિકો વધુમાં વધુ જોડાઈને પોતાના તનના ભારની સાથોસાથ પોતાના મનનો ભાર ઘટાડી સ્વસ્થ , સુખી અને આનંદમય જીવન જીવી શકે છે તે માટે રાજ્યના નાગરિકોને યોગ બોર્ડ દ્વારા અનુરોધ કરાયો છે.

. . .

# BJP ON GST REFORMS

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા ગુરુપ્રકાશ પાસવાને વસ્તુ અને સેવા કર - GSTના કર દરમાં કરાયેલા ફેરફારને મહત્વના ગણાવ્યા. ગાંધીનગરના ભાજપ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા શ્રી પાસવાને કહ્યું , આ જીએસટી સુધારાથી તમામ વર્ગના લોકોને લાભ થશે.

(BYTE : GURUPRAKASH PASWAN, BJP)

દરમિયાન ગુજરાત ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાએ કહ્યું , GSTના સુધારા બાબતે વેપારીઓ અને જનતા સુધી બાબતો લઈ જવાશે. ભાજપ દ્વારા આગામી સમયમાં GST માટેના જાગૃતિ કાર્યક્રમ યોજાશે.

. . .

# CBDT ITR EXTENSION

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ CBDT એ આકારણી વર્ષ 2025-26 માટે આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ એક દિવસ લંબાવવાનો નિર્ણય લીધો છે. હવે રિટર્ન આજે રાત્રે 12 વાગ્યા સુધી ભરી શકાશે.

આવકવેરા વિભાગે મોડી રાત્રે સોશિયલ મીડિયા સંદેશમાં આ માહિતી આપી હતી. અગાઉ રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ હતી , જે લંબાવીને 15 સપ્ટેમ્બર કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# BOTAD RASHIKARN

બોટાદ જિલ્લાના તમામ ગામોમાં પશુપાલન વિભાગના કર્મચારીઓ દ્વારા પશુઓને નિ:શુલ્ક રસી અપાઈ રહી છે. જે કામગીરી 15 ઓક્ટોબર સુધી ચાલશે. પશુઓમાં જોવા મળતો ખરવા-મોવાસા વિષાણુજન્ય રોગ જે સામાન્ય રીતે શિયાળા તથા ઉનાળાની ઋતુમાં જોવા મળે છે.

આ રોગમાં પશુને તાવ આવે છે તેમજ ખાવામાં અને ચાલવામાં મુશ્કેલી થાય છે , ત્યારે આ રોગને અટકાવવા માટે તમામ પશુપાલકો તેમના પશુઓનું વશ્ય રસીકરણ કરાવે તેવી અપીલ બોટાદ જિલ્લા પશુપાલન અધિકારીએ કરી હતી.

. . .

# TAPI – WEATHER

તાપી જીલ્લામાં આજે સવારથી વરસાદી માહોલ છવાયો હતો. જિલ્લાના વ્યારા, વાલોડ તેમજ ડોલવણ તાલુકાનાં કેટલાંક વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો.

. . . . . .

# TRAIN CANCLE

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર મહેસાણા-પાલનપુર સેક્શનમાં ધારેવાડા-છપ્પી મથક વચ્ચે એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોક લેવાના કારણે કેટલીક ટ્રેન આંશિક રદ રહેશે તે મુજબ, આવતીકાલે જોધપુર-સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ અને સાબરમતી વચ્ચે અને 18મીએ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ સાબરમતી અને આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

. . .